**<u>આંક–૫ લગત હુકમ :–</u>** **<u>રે.દિ.મુ.નં. ૧૨૬/૨૦૧૮</u>**

**૧. અરજીની ટુંકી વિગત :–**

આ કામનાં વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ તા.૦૭/૦૧/૨૦૧૨ ના રોજ અઘાટ વેચાણ દસ્તાવેજ કરી મોજે હળવદ ગામે મેઈન બજારમાં શાક માર્કેટ પાસે ગામ ભરોસે હોટલ સામે સીટી સર્વે મીલકત નં. ૨૬૩૬ વાળી દુકાન કે જે હળવદ નગરપાલીકા દફતરે વેપારી હેતુથી નોંધાયેલી છે તે દુકાન ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોર તે ઉપર નીચે કુલ ચો.મી.૪૨.૮૪ ના ક્ષેત્રફળ વાળી છે તે દુકાન અવેજ રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– ચુકવી વેચાણ રાખેલ છે જેનો હાઉસટેક્ષ મીલકત નંબર હળવદ નગરપાલીકામાં ૨૭૩૯ થી નોંધાયેલ છે જે ઉપર નીચેની દુકાનો તા. ૦૭/૦૧/૨૦૧૨ ના દસ્તાવેજ મુજબ વાદીના સ્વતંત્ર માલીકી હકકે કબજા ભોગવટાની વાદીના નામે પોસાય છે. સદર દુકાન વેચાણ રાખ્યા પછીથી તાત્કાલીક અસરથી ધંધો કરવા માટે ઉપયોગમાં લીધેલ ન હતી દરમ્યાનમાં એટલે કે ફેબ્રુઆરી–૨૦૧૮ માં આ કામનાં પ્રતિવાદી વાદી પાસે આવેલ અને કહેલ કે અગાઉ ઉનાળુ સીઝનમાં શેરડીનાં રસનો ચીચોડો કરવા તેઓ માંગે છે તેમજ દુકાન સામે આવેલ શાક માર્કેટમાં પોતે શાક બકાલાનો ધંધો કરતા હોય સાંજના સમયે વેચતા વધેલ ડુંગળી બટેકાના કોથળા પણ તેઓ ત્યાં રાખી શકે અને જેથી આસાનીથી આ કોથળા સવારમાં આવી કોથળાઓ કાઢી પોતે શાક બકાલુ વેચાણ કરવા જઈ શકે તેવા હેતુથી આ દુકાન વાદી પાસે માંગેલી. તેમજ શેરડીના રસનો ધંધો સેટ થઈ જાય ત્યાર બાદ વાદી કહીએ તે રીતે વ્યાજબી ભાડુ આપવા તેઓ સમંત થયેલા પરંતુ સદરહુ દુકાન તેઓ નીયમીત ખોલતા ન હોવાના કારણે તેમની બેદરકારીના પરીણામે તેઓ ધંધો વ્યવસ્થીત ચલાવી શકતા ન હતા જેથી તેઓ વાદીને કોઈ ભાડુ આપી શકે તેવું લાગતુ ન હતુ. જેને કારણે વાદીએ ગઈ તા.૨૬/૦૭/૨૦૧૮ ના રોજ તેઓને વાદીની આ દુકાન ખાલી કરવાનું જણાવેલ અને તે વખતે તેઓએ વાદી સાથે આનાકાની કરી ઝગડો તકરાર કરેલો અને ત્યાર બાદ વાદીએ એસ.પી. સાહેબ મોરબીનાઓ સમક્ષ તા. ૦૧/૦૮/૨૦૧૮ ના રોજ એક લેખીત અરજી પોલીસ બંદોબસ્ત ફાળવી સદરહુ મીલકતનો કબજો પરત મેળવવા અંગે કરેલી પરંતુ આ કામના પ્રતિવાદી માથાભારે ઈસમ હોય તેમજ રાજકીય વગ ધરાવતા હોય પોલીસે વાદીને મદદ કરવાના બદલે ઉપરથી વાદીનાં સુલેહ શાંતીનાં જામીન લીધેલા અને રૂબરૂમાં પોલીસ અધિકારી પાસે વાદીને ઠપકો અપાવેલો. તેમજ વાદીએ તા. ૨૦/૦૮/૨૦૧૮ ના રોજ વાદીનાં માહીતગાર એડવોકેટ દ્રારા વાદીએ લીગલ નોટીસ પણ પ્રતિવાદીને પાઠવેલી જે નોટીસ તેઓને મળી ગયેલ છે જે નોટીસના અનુસંધાને તેઓએ તેઓના માહીતગાર ઓડવોકેટ દ્રારા તેનો ઉડાઉ જવાબ આપેલ છે.

વાદીએ પ્રતિવાદીને માત્રને માત્ર ધંધો કરી શકે તેવા આશયથી દુકાન આપેલી પરંતુ આ કામનાં પ્રતિવાદીએ સદરહુ દુકાનની બાજુમાં ડાબા હાથ બાજુ આ દુકાન ઉપર આવેલ દુકાનમાં જવા માટેનો સીડી દાદરો આવેલ છે તેનુ બારણું પણ પોતાનું તાળુ મારી બંધ કરી દીધેલ છે. આમ, વાદીની ભલમનસાઈના કારણે અને પ્રતિવાદીની જોહુકમીનાં કારણે વાદી ઉપરની દુકાનનાં કબજાથી પણ વંચીત થઈ ગયા છે અને આ રીતે પ્રતિવાદી બંને દુકાનો ઉપર ગેરકાયદેસર રીતે પોતાનો કબજો કરી લીધેલ છે. સદરહુ વાદગ્રસ્ત મીલકતની ચતુ:દિશા નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પુર્વ | : | સીટી સર્વે નં. ૨૬૩૫ વાળી મીલકત આવેલ છે. |
| પશ્ચિમ | : | સીટી સર્વે નં. ૨૬૩૭ વાળી મીલકત આવેલ છે. |
| ઉતર | : | જાહેર રસ્તો આવેલ છે. |
| દક્ષિણ | : | ગલી આવેલ છે. |

દાવો ચાલતા સમય લાગે તે દરમ્યાન પ્રતિવાદીએ જે ઉપરની ફર્સ્ટ ફલોરની દુકાનના નીચે આવેલ બારણાંને તાળુ મારી ગેરકાયદેસર કબજો કરેલ છે તેમાં વાદી જાતે કે વાદીના માણસો, એજન્ટો કે કોઈને ભાડે આપીએ તો તે ઈસમને જતા આવતા અડચણ અટકાયત કે હેલો હરકત પ્રતિવાદી કે તેના માણસો કરે કરાવે નહી અને વાદીએ જે નીચેની દુકાન રસના ચીચુડા માટે તેમજ શાક બકાલાના કોથળા રાખવા માટે આપેલી તે દુકાનમાં પ્રતિવાદી જાતે કે અન્ય કોઈ રીતે કોઈ ઈસમ પાસે ગુનાહીત પ્રવૃતિ કે અસામાજીક કૃત્યો કરે કરાવે નહી અને વાદીની દુકાનની ગુડવીલને હાની પહોંચાડે તેવું કોઈ અપકૃત્ય કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**૨. પ્રતિવાદીનો દાવા અંગેનો જવાબ :–**

આ કામે આંક–૧૧ થી પ્રતિવાદીએ અરજીનો જવાબ રજુ કરેલ છે. વાદીની અરજી ખરી નથી. વાદીએ સત્ય હકીકત છુપાવી પ્રતિવાદી સામે ખોટી અરજી કરેલ છે તેથી વાદી સમન્યાયના સિધ્ધાંત મુજબ કોઈ દાદ મેળવવા હકકદાર નથી. ઉપરોકત વાદગ્રસ્ત મીલકત પ્રતિવાદીઓના વડવાના સમયથી પ્રતિવાદી પાસે ભાડુઆત દરજજે છે. જે હકીકત વાદી સારી રીતે જાણતા હોવા છતાં મીલકત ખરીદેલ છે. તેમજ વાદી વાદવાળી દુકાન વેચાણ રાખે અને વેચાણ રાખનારના મુખત્યાર વાદીને દસ્તાવેજમાં લખી આપે કે દુકાન વાદીને પ્રત્યેક્ષ કબજા સાથે વેચાણ આપેલ છે તેથી વાદીને પ્રતિવાદીના કબજામાં રહેલ ભાડાવાળી દુકાનનો કબજો લેવાનો અધિકાર કાયદાની પ્રોસીઝર કર્યા

વગર પ્રાપ્ત થતો નથી. તેમજ વાદવાળી દુકન વાદીએ સને ૨૦૧૨ ની સાલમાં વેચાણ રાખી તે પહેલાથી દવે ચંદ્રવદન ઈશ્વરલાલના ભાડુઆત તરીકે પ્રતિવાદીના કબજામાં ભાડુઆતી હકકથી છે અને ભાડાવાળી દુકાનમાં પ્રતિવાદી જલારામ કોલ્ડ્રીકસના નામથી ઠંડાપીણાનો ધંધો કરતા હતા જેનુ બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ એકટની જોગવાઈ મુજબનું લાયસન્સ હળવદ નગરપાલીકા પાસેથી મેળવેલ છે જે સને ૨૦૧૦ સુધી રીન્યુ પણ કરાવેલ. ત્યાર બાદ પ્રતિવાદી દાવાવાળી દુકાનમાં સીઝનલ ધંધો કરતા હોવાથી સદરહુ લાયસન્સ ત્યાર બાદ રીન્યુ કરાવેલ નથી. હાલ પ્રતિવાદી દાવાવાળી દુકાનમાં ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોરના ભાગે સીઝનેબલ ધંધા માટેનો સામાન રાખે છે અને સીઝનલ ધંધો ન હોય ત્યારે સદરહુ દુકાનનો પ્રતિવાદી શાક બકાલા વિગેરે રાખવા માટે કરે છે. ભાડાવાળી દુકાનના ટેક્ષની રકમ પણ પ્રતિવાદીએ ભરેલ છે. તેમજ ભાડાવાળી દુકાનમાં નળ કનેકશન છે તે કનેશનની રકમ પણ પ્રતિવાદીએ હળવદ નગરપાલીકામાં જમાં કરાવેલ છે. તેમજ સદર દુકાનનું ભાડુ રૂા. ૫૦/– છે આ ભાડાની રકમ પ્રતિવાદીના બહેન મીનાબેન સુરેશચંદ્ર જે મુંબઈ મુકામે રહે છે તેના દ્રારા ભરતભાઈ ચંદ્રવદન દવેને ભાડુ મોકલતા હતા. ત્યાર બાદ ભરતભાઈને એકવાર મનીઓર્ડરથી ભાડુ મોકલેલ છે. તેમજ આ કામનાં વાદી અવાર નવાર પ્રતિવાદીના કબજામાં ભાડુઆત તરીકે રહેલ દુકાનમાં આવી તોફાન કરતા હોવાથી વાદીની કન્ડકટને ઘ્યાનમાં લઈ હળવદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તરફથી વાદીના સુલેહ શાંતિના ભય બદલાના જામીન લેવામાં આવેલ છે. આમ, વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી તેમજ વાદી કાયદા મુજબની પ્રોસીઝર કર્યા વગર પ્રતિવાદી પાસેથી ભાડાવાળી ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોરના ભાગની દુકાન ખાલી કરાવવાને હકકદાર નથી. તેથી વાદીએ માંગ્યા મુજબનો મેન્ડેટરી કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીના દિવાની હકકને વળતર ન મળી શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે એ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીની તરફેણમાં છે. તેથી વાદીએ માંગેલ દાદ મેળવવા હકકદાર નથી.

**૩. વાદી તર્ફે દસ્તાવેજી પુરાવા:–**

| **અ.નં.** | **વિગત** | **માર્ક** |
|---|---|---|
| ૧. | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૭૨/૧૨ | ૩/૧ |
| ૨. | વાદીએ એસ.પી. સાહેબને લખેલ અરજી | ૩/૨ |
| ૩. | પ્રતિવાદીને આપેલ નોટીસ | ૩/૩ |
| ૪. | એકનોલોજમેન્ટ નંગ–૨ | ૩/૪ , ૩/૫ |

| | | |
|---|---|---|
| ૫. | નોટીસનો જવાબ | ૩/૬ |
| ૬. | પરિશિષ્ટ–૫ | ૩/૭ |
| ૭. | વાદીની નગરપાલીકા નોટીસ | ૩/૮ |
| ૮. | પ્રોપર્ટીકાર્ડ | ૩/૯, ૩/૧૦ |
| ૯. | કરોની પહોંચ | ૩/૧૧ થી ૩/૧૭ |

**૪. પ્રતિવાદી તર્ફે દસ્તાવેજી પુરાવા :–**

| **અ.નં.** | **વિગત** | **માર્ક** |
|---|---|---|
| ૧. | તા. ૨૪/૧૦/૮૫ ના પત્રની નકલ | ૧૨/૧ |
| ૨. | રજી. એડીની સ્લીપ | ૧૨/૨ |
| ૩. | તા.૧૨/૫/૦૮ ની પહોંચ | ૧૨/૩ |
| ૪. | તા. ૩/૪/૮૧ ના લાયસન્સની નકલ | ૧૨/૪ |
| ૫. | સી–ફોર્મની નકલ | ૧૨/૫ |
| ૬. | વોટર વર્કસની પહોંચ | ૧૨/૬ |
| ૭. | વેરાની પહોંચ | ૧૨/૭ |
| ૮. | ડે. કલેકટરશ્રીના તા.૧૩/૧૨/૦૬ ના પત્રની નકલ | ૧૨/૮ |
| ૯. | તા.૨૫/૭/૧૮ ના રોજ કરેલ ફરીયાદની નકલ | ૧૨/૯ |

**૫.** ઉપરોકત હકીકતે હાલની અરજીનાં નિર્ણય સારૂં નીચે મુજબનાં મુદૃા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીચન્સ વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવાથી નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદૃા અંગે મારો જવાબ નીચે મુજબ :–

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ

**:– કારણો :–**

**૬.** આ કામે વાદીપક્ષે વિ. ધારાશાસ્ત્રી એ.વી.ભટ્ટને ધારદાર સાંભળવામાં આવેલ છે અને તેઓ આંક–પ લગત જે દાદ માંગવામાં આવેલી છે તે અંગે સવિસ્તૃત રજુઆત કરેલ છે જે ઘ્યાને લીધેલ છે. જયારે પ્રતિવાદીપક્ષે વિ.ધારાશાસ્ત્રી બી.કે.ચૌહાણને સાંભળવામાં આવેલ છે અને તેઓએ આ વચગાળાની અરજીની વિરૂઘ્ધમાં પોતાનો પક્ષ રજુ રાખેલ છે અને વઘુમાં તેઓ દ્રારા નીચે મુજબના જજમેન્ટસ તરફ અત્રેની કોર્ટનું ઘ્યાન દોરેલ છે.

(A) 2002(2) G.L.H 282, Mardia chemicals Ltd. V\s Gujrat Electricity Board.

(B) 2001(3) G.L.R. 2740, Govindbhai Keshavlal Thakker V\s Samasta Luhana Gnati Regd. Trust & Ors.

ઉપરોકત બંને પક્ષેની દલીલ તથા રજુ જજમેન્ટસ ન્યાયીક નીર્ણય કરતી વખતે ઘ્યાને લેવામાં આવેલ છે.

**આ કામે વાદીએ આંક–૧ લગત જે દાદ માંગેલી છે તે અન્વયે વચગાળની દાદ માંગવી જોઈએ તેવું સ્થાપીત કાયદાનો સિઘ્ધાંત છે. વાદી પક્ષે તેની આંક–૧ દાવા અરજીમાં પારા–૦૯ માં નીચે મુજબની દાદો માંગેલી છે :–**

(એ) આ કામના અમો વાદી તા. ૭/૧/૧૨ ના રજી. દસ્તાવેજ નં. ૭૨/૧૨ થી મોજે હળવદ મેઈન બજારમાં આવેલી સીટી સર્વે મિલકત નં. ૨૬૩૬ જેનો હાઉસટેક્ષ નંબર નગરપાલીકા દફતરે ૨૭૩૯ છે તે મિલ્કતના માલીક છીએ તે માલીકી હકકની રૂઈએ આ કામના પ્રતિવાદી સદરહુ મીલકતનો જે ગેરકાયદેસર રીતે કબજો કરેલ છે તે કબજામાંથી તેઓને દુર કરતો હુકમ ફરમાવી વાદીને તે મીલકતના કબજા અન્વયે પ્રતિવાદી જાતે પોતે કે તેમના એજન્ટો કે માણસો દ્રારા અડચણ અટકાયત કે હેલો હરકત કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પાઠવવા માહે. કરશોજી.

(બી) અમોના સદરહુ માલીકી હકકની રૂઈએ સદરહુ મીલકતનો શાંત ખાલી પ્રત્યેક્ષ નિર્ભય રીતે કબજો મેળવવા અમો વાદી અધિકાર ધરાવીએ છીએ તે મતલબનો હુકમ કરવા મહે.કરશોજી.

(સી) આ કામના પ્રતિવાદીએ કહેવાતા ગેરકાયદેસરના કબજાના પરિણામે સદરહુ મીલકત પરત્વે કોઈ

હકક, હિત, હિસ્સો પ્રાપ્ત થતા નથી અને અમો વાદી દસ્તાવેજની રૂઈએ સદરહુ મીલકતના માલીક હોય અમો વાદીને તે આધારે મીલકતના કબજેદાર તરીકે અને ભોગવટેદાર ઠરાવી આપવા હુકમ ફરમાવવા મહે.કરશોજી.

(ડી) સદરહુ દાવાને આનુીસાંગીક લગતી હરકોઈ દાદો અપાવવા અમોની નમ્ર અરજ છે.

જયારે આંક–૫ વચગાળાની કામ ચલાઉ મનાઈ હુકમની દાદો જોઈએ તો, જે નીચે મુજબ છે.

(એ) દાવો ચાલતા સમય લાગે તે દરમ્યાન પ્રતિવાદીએ જે ઉપરની ફર્સ્ટ ફલોરની દુકાનના નીચે આવેલા બારણાને તાળુ મારી ગેરકાયદેસર કબજો કરેલ છે તેમાં અમો વાદીને જાતે પોતે કે અમોના માણસો એજન્ટો કે અમો કોઈને ભાડે આપીએ તો તે ઈસમને જતા આવતા અડચણ અટકાયત કે હેલો હરકત પ્રતિવાદી કે તેના કોઈ માણસો કરે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમ્યાનનો કામ ચલાઉ મનાઈ હુકમ પાઠવશોજી.

(બ) અમો વાદીએ પ્રતિવાદીને જે નીચેની દુકાન રસના ચીચુડા માટે તેમજ શાક બકાલાના કોથળા રાખવા માટે આપેલી તે દુકાનમાં પ્રતિવાદી જાતે પોતે કે અન્ય કોઈ રીતે કોઈ ઈસમો પાસે ગુનાહીત પ્રવૃતિ કે અસામાજીક કૃત્યો કરે કરાવે નહી અને અમોની દુકાનની ગુડવીલને હાની પહોંચાડે તેવું કોઈ અપકૃત્ય કરે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમ્યાનનો કામ ચલાઉ મનાઈ હુકમ પાઠવશોજી.

(સી) સદરહુ દુકાનમાં કાયમી સ્વરૂપનું કોઈ ચણતર રીપેરીંગ કામ કરી કરાવી તે ઈમારતને મુળભુત સ્ટ્રકચરને હાની કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ પાઠવશોજી.

આ બંને દાદો જોવામાં આવે તો, વાદી પક્ષે જે આંક–૧ લગત કારણ ૦૯ માં જે દાદો માંગવામાં આવેલી છે તેમાં આવી કોઈ વચગાળાની હકીકતોની દાદ દર્શાવેલ નથી.

વધુમાં જોઈએ તો, વાદી પક્ષે રજુઆત છે કે, આ કામના પ્રતિવાદીએ ફર્સ્ટ ફલોરની દુકાનના નીચેના આવેલા બારણાને તાળુ મારી ગેરકાયદેસર કબજો કરેલ છે અને તેઓ વચગાળાના તબકકે એવી અરજ ગુજારે છે કે, વાદીને કે તેમના એજન્ટોને કે તેઓ કોઈને ભાડે આપે તો તે ઈસમને પ્રતિવાદી અડચણ, અટકાયત કે હેલો હરકત પ્રતિવાદી કે તેના માણસો કરે નહી તે અન્વયે જોઈએ તો, વાદી સ્વયંમ સ્વીકારે છે કે, હાલની તકે કબજો પ્રતિવાદીનો છે અને આ કબજો કાયદેસરનો કે ગેરકાયદેસરનો છે તે વચગાળાના તબકકે પુરાવો બંને પક્ષે રેકર્ડ પર ન આવે ત્યાં સુધી

નકકી થઈ શકે તેમ નથી. વધુમાં જે દાદ આંક–૫ માં ગુડવીલ સબંધે માંગવામાં આવેલી છે તે આ કોર્ટ મંજુર કરી શકે કે કેમ તે આખરી નિર્ણય કરતી વખતે નિર્ણય લઈ શકાય તેમ હોય અત્યારના તબકકે આ દાદના કારણે વાદીને કોઈ વચગાળાની રીલીફ મળવા માત્ર હોય તેવું મારું માનવું થતુ નથી. તેમજ જે આંક–૫ લગત અન્ય દાદ કે આ દુકાનમાં કાયમી સ્વરૂપનું કોઈ ચણતર રીપેરીંગ કામ કરી કરાવી તે ઈમારતને મુળભુળ સ્ટ્રકચરને હાની કરે કરાવે નહી તે મુજબની વચગાળાની દાદ માંગવામાં આવેલી છે પરંતુ તે ઘ્યાને લેતા તે કોઈ અરજન્ટ પ્રકારની રીલીફ હોય તેવું જણાય આવતું નથી અને આ સબંધે ની કોઈ અરજ આંક–૧ ની દાવા અરજીમાં પણ જણાવેલ નથી.

વધુમાં બંને પક્ષે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે તે ઘ્યાને લઈએ તો તે સબંધેનો પુરાવો રેકર્ડ પર આવવો જોઈએ તેવું મારું માનવું થાય છે.

આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને ઘ્યાને લેતા, વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ હોય તેવું જણાતું નથી. વધુમાં જયારે વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય ત્યારે ઈરરીપેરેબલ લોઝ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સની પણ ચર્ચા કરવી ઉચીત જણાતી ન હોય મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ '' **નકાર** ''માં આપવામાં આવે છે. જયારે મુદ્દા નં. ૪ નો જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

– : **હુકમ :–**

આ કામે વાદીની આંક–૫ ની સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ્સ ૧,ર તથા કલમ ૧૫૧ મુજબની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

અરજીનો ખર્ચ દાવાનાં આખરી હુકમને અનુસરશે.

**હુકમ આજ તારીખ :: ૦૩ જી માહે :: ઓકટોબર સને :: ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ઘોષિત કરવામાં આવ્યો.**

**સ્થળ : હળવદ**
**તા.૦૩/૧૦/૨૦૧૯**

(પી.ડી.જેઠવા)
**પ્રીન્સી.સીની.સીવીલ જજ,**
**હળવદ**
**(જજ કોડ– જીજે ૦૦૯૦૧)**